R.N.I. No. GUJGUJ /2012/46045, Published From Dt. 05-09-2012
Posting Lic. No. Rajkot / 619 / 2016-2018

છૂટક કિંમત રૂા. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
દર મહિનાની પમી તારીખે પ્રસિધ્ધ થતું ગુજરાતી માસિક

શિક્ષણ, સંસ્કાર, વિચારને વાચા આપતું સર્વોદયનું મુખપત્ર

સર્વોદય સંવાદ

www.sarvodayaschool.com • Year : 4 | Issue : 48 | Dt. 5-08-2016 | Page : 44

Sarvodaya Samvad (Monthly), Editor, Publisher, Printer : **Bharatbhai M. Gajipara** Owner : **Sarvodaya Education & Charitable Trust** Place of Publication : **Sarvodaya Samvad** Karyalay, P.D.M. College Campus, Gondal Road, Dist. Rajkot-360004. (Gujarat) Printed At : **Sarvodaya Printery** P.D.M. College Campus, Gondal Road, Dist. Rajkot-360004. (Gujarat)

दे सलामी इस तिरंगे को जिससे तेरी शान है,
सिर हमेशा ऊंचा रखना जब तक दिल में जान है...

– जय हिन्द...

દાદા મારા વ્હાલા...
દાદી મારી પ્યારી...
લાગણીઓની હાથતળે
આપે આશિષ મૂંગી...

બાળકોમાં સંસ્કારમય અને પારિવારિક સમજણનું સિંચન કરતા પરિવારનાં વડીલશ્રીઓની 'વડીલ વંદના' કાર્યક્રમમાં ભાવપૂર્ણ વંદના કરવામાં આવી.

બાલવાટિકા દ્વારા આયોજીત વાલી સેમિનારમાં વાલીશ્રીઓએ બાળલક્ષી બાબતોની રસપૂર્ણ માહિતી મેળવી.

શિક્ષણ, સંસ્કાર, વિચારને વાચા આપતું
સર્વોદયનું મુખપત્ર

સર્વોદય સંવાદ

દર મહિનાની પમી તારીખે પ્રસિધ્ધ થતું ગુજરાતી માસિક

વર્ષ : ૪ | અંક : ૧૧ | સળંગ અંક : ૪૮
૫ ઓગષ્ટ, ૨૦૧૬ | પેઈજ : ૪૪

પથદર્શક, પ્રકાશક,
તંત્રી, મુદ્રક :
ભરતભાઈ ગાજીપરા

માલિક :
સર્વોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

મુખ્ય સલાહકાર :
ગીતાબેન ગાજીપરા
ગૌરવભાઈ પટેલ

સંપાદક :
વિરેન્દ્રભાઈ ડોડિયા

પ્રકાશન સ્થાન :
સર્વોદય સંવાદ કાર્યાલય,
પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૪.
ફોન : ૦૨૮૧-૨૩૭૧૪૫૯
Web : www.sarvodayaschool.com
E-mail : sarvodaya.samvad@gmail.com

મુદ્રણ સ્થાન :
સર્વોદય પ્રિન્ટરી
પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

સમિતિ :

- વિરેશ દુદકીયા
- સુખદેવ ડાંગર
- કાચા ધૂપાલી
- બિન્તી ભટ્ટ
- પૂનમ જાદવાણી
- હિરેન રાઠોડ
- દેવશી મોઢવાડીયા
- રક્ષા બદ્રકીયા
- ધ્વનિ સંઘાણી
- જીજ્ઞાશાબા જાડેજા
- રોહિત મહેતા
- નિરવ ટાંક
- જીજ્ઞા ખેતાણી
- ગ્રીષ્મા લાડાણી
- મનિષા દુદકીયા
- શ્વેતા વામજા
- નિધિ વીંધાણી

સૂચના - સમજુતી

- મુખપત્ર માટે શિક્ષક, વિદ્યાર્થી કે વાલીશ્રી પોતાની મૌલિક કૃતિ મોકલી શકશે.
- અહિં પ્રકટ થતાં લખાણમાંના અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.
- તા.૧ થી ૧૦ સુધીમાં જે-તે વિભાગના ઈન્ચાર્જને કૃતિ મોકલવી.
- કૃતિ સુંદર અક્ષરે કાગળની એકબાજુએ જ લખીને મોકલવી.
- વિદ્યાર્થી, વાલી, શિક્ષકોના પ્રતિભાવ તેમજ પુષ્કળ પ્રમાણમાં લેખન સામગ્રી પ્રાપ્ત થઈ છે. પરંતુ સર્વેને સ્થાન ન આપી શકવાનો ખેદ તથા મુદ્રણ ભૂલને ક્ષમ્ય ગણશો.

: શુભેચ્છા સંદેશ :

સ્વાતંત્ર દિવસ, રક્ષાબંધન અને જન્માષ્ટમી એ માત્ર તહેવારો નથી પરંતુ જીવન માંગલ્યનાં ઉત્સવો છે. એ ઉત્સવ રાષ્ટ્રીય હોય કે ધાર્મિક, તેમનો હેતુ આરોગ્યપ્રદ જીવવાનો, પોતાનો વિકાસ કરવાનો અને સાચો ધર્મ સમજીને માનવજીવનને સુગંધીત કરવાનો છે.

આપ સૌને તહેવારોની શુભેચ્છા...

- ગીતાબેન ગાજીપરા
આચાર્યા, સર્વોદય સ્કૂલ

એક સંવાદ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો, વાલીશ્રીઓ તથા શુભેચ્છકો કુશળ હશો ! 'સર્વોદય સંવાદ'ના ચાર વર્ષ પૂર્ણ થવાના અદ્ધળક આનંદ સાથે આ અંક રજૂ કરતા આનંદ અનુભવુ છું...

ઉત્સવ એ જીવનનાં રંગોને ઉજાગર કરે છે. સ્વને, પરિવારને, સમાજને અને રાષ્ટ્રને નવો વિચાર, નવો ઉત્સાહ, નવો રંગ આપે છે; પછી ભલેને એ રાષ્ટ્રીય હોય કે ધાર્મિક.

ઓગષ્ટ મહિનામાં જોગાનું જોગ આવતા ત્રણ ત્રણ તહેવારો ભવ્ય ભારતની વિરાસતને પ્રસ્થાપિત કરે છે.

ભાઈની લાડકી બહેન ભાઈનાં હાથમાં સપનાઓનાં 'ઓવારણા' લઈને રક્ષાની રાખડી બાંધે છે.

15 મી ઓગષ્ટ એટલે વીર સપૂતો, વીર શહીદો અને ભવ્ય ભારતનાં મહાન નેતાઓની રાષ્ટ્રભાવનાને આપણા જનમનમાં પ્રસ્થાપિત કરવાનો રાષ્ટ્રીય તહેવાર. આપણું દરેક કાર્ય રાષ્ટ્રનાં વિકાસમાં સહભાગી બને એ વિચાર જ સાચી દેશભક્તિ ગણી શકાય...

અને હા, જન્માષ્ટમીનાં તહેવારમાં પ્રકૃત્તિ અને જીવન-આનંદનાં દેવ 'શ્રીકૃષ્ણ' ના જન્મને વધાવવાનો મસ્તીભર્યો દિવસ. સાથે હોય મેળાની મોજ, ચકડોળની ધૂમ, મીઠાઈ-ફરસાણની લહેજત ને આપણા બાળ ગોપાલને રમકડા મેળવવાનો આનંદ. સાચે જ જન્માષ્ટમીને સાચા અર્થમાં ઉજવવાનો આનંદ થાય.

આપણા બાળકોનાં ચહેરા પરનો નિર્દોષ આનંદ એ જશોદા પાસેથી માખણ માંગીને આરોગતા 'કૃષ્ણ' જેવો જ હશે ને...!!!

સંપાદક : વિરેન્દ્ર ડોડિયા

એક લેખ...

ચાલો આપણે સહું સાથે મળીને આપણા બાળકોની તાર્કિક શક્તિ ખીલવીએ

– ભરતભાઈ ગાજીપરા
સંસ્થાપક, સર્વોદય સ્કૂલ

આપણને સહુંને આજકાલ એક શબ્દ વારંવાર સાંભળવા મળે છે કે, અત્યારની પેઢી તો બહુ ઓવર સ્માર્ટ છે. હા, આ વાત બિલ્કુલ સાચી છે. આજના બાળકોનો ગ્રાસ્પીંગ પાવર, મેમરી પાવર, અન્ડરસ્ટેન્ડીંગ પાવર ખૂબ જ તીવ્ર હોય છે. તેઓને જે પણ શીખવાડો તુરંત જ શીખી જાય છે. આપણા બાળકો આટલા સક્ષમ હોવા છતાં તેની આવડતને આપણે માત્ર પુસ્તકીયા જ્ઞાનમાં કેદ કરી લઇએ છીએ. તેઓ એટલું અને એટલું જ શીખે છે, જેટલું આપણે શીખવાડીએ છીએ. બાળકનું મન ખૂબ જ જીજ્ઞાસું હોય છે, તેઓને નવું નવું જાણવું હોય છે, તેઓના મનમાં અનેક સવાલો ઉદ્‌ભવતા હોય છે. આ સવાલો જયારે બાળકો આપણને પૂછે ત્યારે આપણે ટાળી દઇએ છીએ. યાતો બાળસહજ સમજીને ગોળ ગોળ જવાબ આપી દઇએ છીએ. જેમ કે, કોઇ બાળક પૂછે કે, વરસાદ કેવી રીતે આવે ? તો આપણે કહીએ કે, ભગવાન મોકલે. બાળક આ જવાબ સ્વીકારી લે છે અને તેના માટે આગળ કાંઇ વિચારતું નથી.

આપણે અહીં પૂર્ણવિરામ મૂકવાનું નથી, તેઓને સાચા જવાબ શોધી અને સાચી સમજ આપવાની છે. જેથી તેઓની તાર્કિક શક્તિ ખીલે. તેઓને નવું નવું જાણવા અને શીખવા માટે પ્રેરિત કરવાના છે. બી.એફ. સ્નીફરે સાચું જ કહ્યું છે કે, તમે જેટલું શિક્ષણ લીધું હોય કે, જેટલું શીખ્યા હોય તે બધું જ ભૂલી જાવ અને પછી જે વધે તે જ સાચી શિક્ષા છે. કોઇપણ વસ્તુ વાંચીને કે લખીને શીખી શકાતી નથી. તેના માટે આપણે તાર્કિક શક્તિની જરૂર પડે છે. જો તર્ક કરીએ તો જ તે વસ્તુ પાછળનું વિજ્ઞાન કે તેનો સિધ્ધાંત સમજાય છે. આજના બાળકોનો મોટાભાગનો સમય સ્કૂલમાં અને ઘરે આવ્યા પછી મોબાઇલમાં જ વીતે છે. પેરેન્ટ્સ માને છે કે, મોબાઇલમાં ગેમ્સ રમવાથી બાળકોની સ્માર્ટનેસ વધે છે, પરંતુ એ માતા-પિતાનો સૌથી મોટો ભ્રમ છે. સતત મોબાઇલમાં રહેવાથી બાળકોની શારીરિક અને માનસિક શક્તિ કુંઠિત થઇ જાય છે. તેઓની સર્જનશક્તિ વિકસી શકતી નથી. બાળકોના જીવનમાં ઉદ્‌ભવતી આવી ખામીઓ બદલ આપણે જ જવાબદાર છીએ. કહેવાય છે કે ૧ થી ૫ વર્ષના બાળકને જેટલું શીખવાડો તે શીખી જાય છે અને બાદમાં તેઓમાં વધુ પરિવર્તનની અપેક્ષા રાખી શકાતી નથી. જેવી રીતે કુંભાર જયાં સુધી માટી ચાકડા ઉપર હોય ત્યાં સુધી તેની કલ્પનાને નવા નવા આકાર આપીને સાકાર કરે છે. પરંતુ એકવાર એક વસ્તુ બની ગયા પછી તેમાં કોઇ ફેરફાર કરી શકાતો નથી. બાળકોનું પણ કંઇક આવું જ છે. તેઓમાં પરિવર્તન લાવવા માટે માતા-પિતાએ તેની માનસિકતામાં પરિવર્તન લાવવું પડશે. આપણે બાળકને માત્ર રેસમાં દોડનાર ઘોડા જેવા બનાવવા નથી. બાળકોની અંદર અખૂટ આંતરિક શક્તિનો સ્ત્રોત પડેલો છે જેને આપણે બહાર લાવવાનો છે.

આ શક્તિઓ બાળક એક વર્ષનું હોય ત્યારથી તેને બહાર લાવવાના પ્રયત્નો કરવાના છે. આપણે બાળકના

ઉછેરમાં પણ એટલા કોન્સીયસ થઇ જઇએ છીએ કે, તે આપમેળે કાંઇ જ કરતું નથી. હા, તેઓ પોતાને નુકશાન ન પહોંચાડે, તેઓને લાગી ન જાય એ તમામ વસ્તુઓની આપણે કાળજી રાખવાની છે. પરંતુ જેવી રીતે ફૂલને પાણી આપ્યા બાદ આપ મેળે જ સુંદર રીતે ખીલે છે, તેવી જ રીતે બાળકોને માત્ર આપણે પોષણ જ આપીએ તો આપ મેળે જ ખીલી ઉઠશે. બાળક જયારે જયારે રમતું હોય કે બીજી કોઇ પ્રવૃત્તિ કરતું હોય અને મુંઝાય તો, તે મૂંઝવણમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવો અને તેને જાતે જ તેમાંથી બહાર નીકળવા દો. આપણે જાણીએ જ છીએ કે, બાળકો જે જુએ છે તે વહેલું શીખે છે. આથી કોઇપણ વસ્તુ શીખવાડવા માટે એક વખત તેની સામે તે કરો, બીજી વખત બાળક પોતાની બુદ્ધિથી, તર્કથી આબેહુબ તે વસ્તુ કરી બતાવશે. **જયારે પણ બાળકોને શાળામાંથી પ્રોજેકટ આપવામાં આવે મોટા ભાગે તેમના માતા–પિતા જ આ પ્રોજેકટ તૈયાર કરી નાખે છે, જે યોગ્ય નથી. બાળકોને સ્કૂલમાંથી પ્રોજેકટ્સ આપવાનો મુખ્ય ધ્યેય જ એ હોય કે તેઓ પોતાના તર્ક–બુદ્ધિથી કંઇક નવું જ કરી લાવે.**

પ્રોજેકટ્સ બનાવવામાં માત્ર માતા–પિતાએ માર્ગદર્શન આપવાનું છે. પછી જુઓ બાળક કેવું ખીલે છે અને કેટલું સરસ કાર્ય કરે છે. આપણે તેની કલ્પનાઓને સાકાર કરવા પાંખો આપવાની છે, આપણી કલ્પનાઓને સાકાર કરવા કે નંબર લાવવાના હેતુથી તેઓ ઉપર થોપવાની નથી. તેઓને રમવા માટેના રમકડા પણ તેઓને જ બનાવવા દો. આપણા ઘરમાં એવી કેટલીય નકામી લાગતી વસ્તુઓમાંથી બાળકોને રમવા માટેના રમકડા બનાવી શકાય છે અને જે બાળકો ખુદ તેમની મનપસંદગીના બનાવી શકે છે. બાળકો કંઇપણ કરતા હોય તો આપણે સીધું જ તેને 'ના એમ ન કરાય' તે એક જ વાકયથી ટોકયા રાખીએ છીએ. આથી તેઓ બીજું નવું કંઇપણ કરવા પ્રેરાતા નથી. તેઓમાં ભય સ્થાપિત થઇ જાય છે. આજના બાળકોમાં સૌથી મોટી કોઇ ખામી જોવા મળતી હોય તો તે છે તાર્કિક શક્તિનો અભાવ. કારણ કે, આપણે બધું તેને ''રેડી ટુ યુઝ'' આપીએ છીએ. આપણે બાળકોને કયારેય જમતા શીખવાડીએ છીએ ? બોલતા કે ચાલતા શીખવાડીએ છીએ ? વસ્તુઓ પકડાવતા શીખવાડીએ છીએ ? કયારેય ચાર પગે ચાલતા શીખવાડીએ છીએ ? તો આનો જવાબ છે – ના. આ તમામ વસ્તુ તે કુદરત પાસેથી આપમેળે જ શીખી જાય છે. બસ તે સમયે માત્ર આપણી હુંફ અને પ્રેમની જ જરૂર હોય છે. તમે કયારેય તમારૂ બાળક રમતું હોય, જમતું હોય કે અન્ય કોઇ પ્રવૃત્તિ કરતું હોય તેનું ધ્યાનથી અવલોકન કરજો. દરેક વસ્તુ તે ખૂબ જ કાળજીથી અને આનંદથી કરતું હશે અને એ જોઇને આપણે એક ઉદ્‌ગાર કરીશું કે, વાહ... આટલું સરસ બાળકોને કેવી રીતે આવડતું હશે ! બસ, જેવી રીતે આ તમામ વસ્તુ બાળકો બખુબી કરી જાણે છે તેવી જ રીતે તેના માર્ગમાં આવતી અડચણોને પણ તેઓની રીતે જ તેઓને ઉકેલવા દો, તો જ તેઓની તાર્કિક શક્તિનો વિકાસ થશે. જો આવું નહીં કરવામાં આવે તો તેઓ દોરીના સહારે નાચતા કટપુતળીના રમકડા જેવા થઇ જશે. હવે નિર્ણય તમારે લેવાનો છે કે, તમારે તમારું બાળક કેવું જોઇએ છે ?

માની શકો તો જ મેળવી શકો...

ડબલ્યુ ક્લેમેન્ટ સ્ટોને કહ્યું છે કે, '' માણસનું મન જે કંઇ ધારણ કરી શકે છે અને માની શકે છે તેને તે પ્રાપ્ત કરી શકે છે.'' માનવું એ માત્ર ક્રિયા નહીં બલ્કે શરત છે. માની શકો, તો જ મેળવી શકો. ધનવાન બનવાનો ખ્યાલ મનમાં માત્ર ધારણ કરવાથી કામ નથી થતું પરંતુ તમે ધનવાન બની શકો તેમ છો એવું માનવા માટે જો મન તૈયાર હોય તો જ કામ આગળ વધે.

આપણે માણસો માન્યતાઓ વગર જીવી નથી શકતા. બાળકનો જન્મ થાય ત્યારે તેનું મન કોરી પાટી જેવું હોય છે. બાળકપાંચ-છ વર્ષનું થાય ત્યાં સુધીમાં એ નક્કી કરી લેતું હોય છે કે એ પોતે કેવા/કેવી છે ! એના તરફનું પરિવારજનોનું વર્તન અને વાતો પરથી એના મનમાં પોતાના વિશે એક પ્રકારની માન્યતા બંધાઇ જાય છે. ઉમર વધવા સાથે એ માતા-પિતા અને પરિવાર વિશે પણ માન્યતાઓ બાંધતું થાય છે. એ માન્યતાઓ સારી પણ હોઇ શકે અને ખરાબ પણ હોઇ શકે અ ઉમરે બંધાયેલ માન્યતાઓ ખૂબ જ દઢ હોય છે.

સમય આગળ વધતો જાય છે અને આપણી માન્યતાઓનો વિસ્તાર વધતો જાય છે. આપણે સગાં-વહાલાં વિશે માન્યતાઓ બાંધવા લાગીએ છીએ, અમુક જ્ઞાતિઓ, અમુક પ્રદેશના લોકો અને વિવિધ શહેરો અને દેશો માટે માન્યતાઓ બાંધવા લાગીએ છીએ. ગરીબો આવા અને ધનવાનો તેવા એવું માનવા લાગીએ છીએ. આપણે જે જોઇએ છીએ, સાંભળીએ છીએ અને અનુભવીએ છીએ એના પરથી આપણી માન્યતાઓ બંધાતી જાય છે. સારી માન્યતાઓ બંધાય જાય છે અને ખરાબ માન્યતાઓ પણ બંધાય છે. બને છે એવું કે પહેલા આપણે માન્યતા બાંધીએ છીએ અને પછી એ માન્યતા આપણને બાંધી દે છે. એ માન્યતાઓ થી મોટા ભાગના લોકો મુકત નથી થઇ શકતા, મૃત્યુપર્યંત એ સાથે જ રહે છે.

માન્યતા હકારાત્મક હોય તો વાંધો નથી પણ જો એ નકારાત્મક અથવા વિઘાતક હોય તો વ્યક્તિ ને વિકાસ કરવો મુશ્કેલ થઇ પડે છે. માન્યતા આપણાં મનનું ખૂબ ઊંડા સ્તરે થયેલ કન્ડિશનિંગ અથવા તો પ્રોગ્રામિંગ છે. કોઇપણ માહિતી આંખ અને કાન દ્વારા વારંવાર મન સુધી પહોંચ્યા કરે તો તેને આપણું મન સત્ય તરીકે સ્વીકારી લે છે અને પછી આપણને એવા જ અનુભવ થવા લાગે છે જેથી એ આપણી માન્યતા બની જાય છે. રાત્રે ચા પીવાથી ઊંઘ ન આવે એવી વાત તમે વારંવાર સાંભળી હોય અને રાત્રે ચા પીધા પછી ઊંઘના અભાવે પડખા ઘસતા લોકોને વારંવાર જોયા હોય તો તમારું મન એ વાતનો સ્વીકાર કરી લે છે કે રાત્રે ચા પીવાથી ઊંઘ ન આવે. બસ પછી તમને પણ એવા જ અનુભવ થવા લાગે છે જેના પરીણામે તમારા મનમાં દઢ માન્યતા બંધાઇ જાય છે કે રાત્રે ચા પીવાથી ઊંઘ ન જ આવે. જેવો અનુભવ તેવી માન્યતા.

માન્યતાઓ સાચી કે ખોટી હોવાનો સવાલ જ ઉપસ્થિત નથી થતો, માન્યતા બે જ પ્રકારની હોય છે - શક્તિવર્ધક અને શક્તિઘાતક. શક્તિઘાતક અથવા નકારાત્મક માન્યતાઓ તમને એવા જ અનુભવ તરફ લઇ જાય છે. જો તમારી માન્યતાઓ પ્રત્યે તમે જાગ્રત હશો તો આગળનું કામ ઘણું સરળ થઇ જશે. આપણને કઇ માન્યતા નકારાત્મક છે એ કેવી રીતે

ખબર પડે ! ચાલો, એક ઉદાહરણથી સમજીએ.

મારા એક મિત્રને થોડા સમય પહેલાં મેં પૂછયું કે,' આ વરસ તો પૂરું થવા આવ્યું તારો સેલ્સ ટાર્ગેટ હજુ કેમ પુરો નથી થયો ?' ત્યારે એનો જવાબ એ હતો કે, 'સેલ્સનું ટાર્ગેટ એટલા માટે પૂરું નથી થયું કારણ કે અમારા છ લાખની વસ્તીના ગામમાં આટલું મોટું ટાર્ગેટ પૂરું ન જ થઇ શકે.' એના જવાબમાં 'કારણ કે ' પછીનું જે વિધાન હતું એ જ એની નકારાત્મકતા માન્યતા. તમે પણ તમારી નકારાત્મક માન્યતા આ જ રીતે શોધી શકશો. નકારાત્મક માન્યતા દર્શાવતા બીજાં કેટલાક વિધાનો જોઇએ જેથી તમને વધુ સ્પષ્ટ ખ્યાલ આવે.

(૧) હું મીટિંગમાં કોઇને સમજાવી ન શકું. કારણ કે બીજા ડાયરેક્ટર્સ ઉપર મારો પ્રભાવ નથી પડતો. (૨) હું વિદેશમાં સેટલ ન થઇ શકું કારણ કે અંગ્રજીમાં બોલતા મને સંકોચ થાય છે. (૩) હું બિઝનેસ ન કરી શકું કારણ કે મને મૂડી ઊભી કરતા નથી આવડતું - આ તમામ વાતોમાં 'કારણ કે ' પછીનું વિધાન નકારાત્મક માન્યતા છે. જેઓ જેવું માને છે તેઓ ને તેવા જ અનુભવ થવા લાગે છે. જો તમારે ધનવાન બનવું હોય તો તમારી માન્યતાઓ કોઇપણ સંજોગો માં હકારાત્મક જ હોવી જોઇએ. તમે વધુ ધનવાન બની શકશો કે નહીં એ બાબતનો આધાર તમારી ધન વિશેની માન્યતા ઉપર છે.

સોનામહોર : જગત તમારા માટે એવું જ છે કે, જેવું તમે માનો છો...

સૌનો આભાર...

સર્વોદય સ્કૂલનાં સંસ્થાપકશ્રી ભરતસરનાં વિચાર બીજને સાચા અર્થમાં સંવાદનાં માધ્યમથી આપ સૌ સુધી પહોંચાડવામાં સેતુરૂપ બનીને, શિક્ષણ–સંસ્કાર અને વિચારને વાચા આપીને બાળકોને કંઇ કેટલું જાણવા, માણવા અને થોડું ઘણું લખતા શીખવીને વાલીશ્રીઓને સર્વોદય સાથે જોડીને **સર્વોદય સંવાદ** એક સમન્વયનાં રૂપમાં સાબિત થયું છે. **ચાર વર્ષની મંઝીલ પૂર્ણ કરવામાં** સર્વોદય પરિવારના સભ્યો, સમાજના તજજ્ઞશ્રીઓ, એકેડેમીક હેડ, ડીપાર્ટમેન્ટ હેડશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વાલીશ્રીઓ, શુભેચ્છકો, વિદ્યાર્થીઓ તેમજ સર્વોદય સંવાદને આનંદથી વધાવતા સૌ કોઇનો લાગણીસભર આભાર પ્રગટ કરું છું...

સંપાદકશ્રી

નેશનલ રિવર લિંકિંગ પ્રોજેકટ

નદીઓના જોડાણની યોજનાનો ઇતિહાસઃ

દેશની નદીઓને જોડવાનો વિચાર ૧૫૫૮માં બ્રિટિશ ઇજનેર આર્થર થોમસે આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેનાથી જળમાર્ગે પરિવહન સરળ બનશે અને વારંવાર દુષ્કાળ પડતો હોય તેવા પ્રદેશમાં પાણી પહોંચી શકશે. ત્યાર બાદ ૧૯૭૨માં લક્ષ્મણ રાવે પટણાથી કાવેરી સુધીની ૨૬૪૦ કિ.મી. લાંબી નહેરની પરિયોજનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૧૯૮૦માં જળ સંસાધન મંત્રાલયે 'નેશનલ પર્સ્પેક્ટિવ ફોર વોટર રિસોર્સિસ ડેવલપમેન્ટ' નામનો રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં નદીઓના જોડાણ વિશે બે ભાગમાં વાત કરાઇ હતી. જેમાં પ્રથમ ભાગમાં હિમાલયની અને બીજા ભાગમાં દ્વીપકલ્પીય નદીઓના જોડાણની માહિતી અપાઇ હતી. ૧૯૮૨ માં રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી (National Water Development Agency-NWDA) ના આધિપત્ય હેઠળ નિષ્ણાંતોની એક સમિતિએ યોજનાનો અભ્યાસ અને નિરીક્ષણો કર્યા બાદ યોજનાની સંભવિતતા અંગે રિપોર્ટ રજૂ કર્યો હતો. ૧૯૯૯ માં NDA સરકાર આવતા આ બાબતે ફરી વિચારણાનો દોર શરૂ થયો હતો. ૧૯૮૨ થી ૨૦૧૩ સુધી ૩૧ વર્ષના ગાળામાં ઘણા રિપોર્ટ તૈયાર થયા, એકનો પણ અમલ થયો નહીં. સુપ્રીમ કોર્ટ ૨૦૦૨માં દાખલ થયેલ એક જાહેર હિતની અરજીનો ૨૦૧૨માં ચુકાદો આપતા આ પરિયોજના રાષ્ટ્રહિતની હોવાથી તેના અંગે એક વિશેષ સમિતિ બનાવી. યોગ્ય કાર્યવાહી કરવા માટે સરકારને આદેશ આપ્યો હતો. ૨૩ સપ્ટે., ૨૦૧૪ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરેશ પ્રભુની આગેવાનીમાં એક વિશેષ સમિતિ બનાવી.

નેશનલ રિવર લિંકિંગ પ્રોજેક્ટ (NRLP) ની રૂપરેખાઃ

- દેશની ૩૦ મોટી નદીઓનું પરસ્પર જોડાણ.
- ૧૪ હિમાલયના અને ૧૬ દ્વીપકલ્પીય નદીઓ.
- દેશની વધતી વસ્તીની પાણીની જરૂરીયાતો પૂરી કરવાનું લક્ષ્ય .
- વિવિધ જળાશયો અને બંધોમા ૧૭૪ કિમી. ઘન પાણીનો સંગ્રહ.
- દેશના ૧૦૦ થી વધુ શહેરોની પાણીની વાર્ષિક જરૂરીયાતો પૂરી થશે.
- જવાબદાર એજન્સી અને અધ્યક્ષ : રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી (National Water Development Agency-NWDA), ઇજનેર એસ. મસુદ હુસૈન.
- ૨૦૦૨-૦૩ માં આ પરિયોજનાનો અંદાજિત ખર્ચ ૫.૬ લાખ કરોડ હતો, જે વર્તમાનમાં ૧૧ લાખ કરોડ આંકવામાં

આવ્યો છે.

- વિશ્વનું સૌથી મોટું નહેરો, જળભંડારોનું નેટવર્ક બનશે.
- આ યોજનામાં 30 નદી, 3000 સ્ટોરેજ સ્ટ્રક્ચર અને ૧૫૦૦૦ કિમી. લાંબું કેનાલ નેટવર્ક તૈયાર થશે.

▪ વિશ્વ સાથે સરખામણી :

ભારતની આ મહત્વાકાંક્ષી યોજના માટે ઓસ્ટ્રેલિયા અને યુરોપીય સંઘ સાથે **MOU** કરવામાં આવશે. કારણ કે, ઓસ્ટ્રેલિયા મરે ડાર્લિંગ નદી પર અને યુરોપીય સંઘ ડેન્યુબ નદી પર આવી યોજનાઓ સાકાર કરી ચૂક્યા છે. ભારતની આ પરિયોજનાની વિશ્વ સાથે સરખામણી કરીએ તો યુરોપીય સંઘના ૧૯૯૨ માં રહાઇન મેઇન ડેન્યુબ કેનાલનું કામ પૂર્ણ થયેલ છે. યુરોપા કેનાલ તરીકે ઓળખાતી આ કેનાલ ૧૭૧ કિમી લાંબી છે. જેમાં સમુદ્ર સપાટી થી ૪૦૬ મી. ઊંચા વહાણો જઇ શકે છે. જે પરીવહન, સિંચાઇ અને પાવર ઉત્પાદનમાં ખૂબ જ ઉપયોગી છે. તેવી જ રીતે અમેરિકામાં ઇલિનોઇસ વોટર-વે માં મિસિસીપી નદીનો ઉપયોગ કરીને ૪૦૬ કિમી. વહાણવટા માટે ઉપયોગી સાબિત થયો છે. તેવી જ રીતે અમેરિકામાં ૧૯૪૯ માં ૮ નદીઓના જોડાણથી ગલ્ફ ઇન્ટ્રાકોસ્ટલ વોટર-વે તૈયાર થયો છે, જે ફ્લોરિડા અને ટેક્સાસ રાજ્યના ૧૭૦૦ કિમી. નો વોટર-વે પૂરો પાડે છે. જે પરિવહન, માછીમારી વગેરે બાબતોમાં ઉદાહરણરૂપ છે.

હિમાલયના ક્ષેત્રમાંથી ઉદ્‌ભવતી નદીઓની યોજના

કોસી - મેચી	સોનબંધ - ગંગાની દક્ષિણી ઉપશાખાઓ
ગડક - ગંગા	કોસી - ઘાઘરા
શારદા - યમુના	ઘાઘરા - યમુના
રાજસ્થાન - સાબરમતી	યમુના - રાજસ્થાન
બ્રહ્મપુત્રા - ગંગા	ચુનાર - શોણ બેરેજ
ગંગા - દામોદર - સુવર્ણરેખા	ફરક્કા - સુંદરવન
માનસ - સંકોશ - તિસ્તા - ગંગા	સુવર્ણરેખા - મહાનદી

આપણા વડીલો

આપણા બાળકોને આપણે જેવો વારસો આપીશું તેવો વારસો તે અપનાવશે. ઘરમાં બાળક જેટલું શીખે છે, એટલું કદાચ બીજેથી નહીં શિખતું હોય. પરિવારમાંથી બાળકને લાગણી, સંસ્કાર, વિશ્વાસ, વિનમ્રતા જેવા ગુણો મળે છે. જે બાળકનાં હૃદયમાં આવા ગુણો આવે છે; તે સમાજ અને દેશ માટે સારા અને શ્રેષ્ઠ કામ કરે છે. ઘરમાં વડીલો પ્રત્યેનો આદર, વિનમ્રતા એ સ્વચ્છ અને સ્વસ્થ સમાજનો અરીસો છે. બાળક દાદા-દાદી પાસે જે રીતે આનંદપ્રદ રીતે ખિલે છે એટલો ભાગ્યે જ ખિલતો હશે. એ વિચારથી શાળામાં આયોજીત વડીલ વંદના કાર્યક્રમ સાચે જ આ વિચારને બળ આપે છે.

- ભાવનાબેન કાલરીયા H.O.D. (ધો. ૧ થી ૪)

એ દોસ્ત હોય છે...

વગર બોલાવે આવી જાય,
એ દોસ્ત હોય છે.

તમારું દુ:ખ જેને હલાવી જાય,
એ દોસ્ત હોય છે.

આંખોથી બધુ સમજાવી જાય,
એ દોસ્ત હોય છે.

નાની વાતે ખોટું લગાડી જાય,
એ દોસ્ત હોય છે.

સોરી કહ્યા વગર મનાવી જાય,
એ દોસ્ત હોય છે.

જે વગર વાંકે ધમકાવી જાય,
એ દોસ્ત હોય છે.

તમારી મર્યાદાને પચાવી જાય,
એ દોસ્ત હોય છે.

જેનો વિશ્વાસ તમને ટકાવી જાય,
એ દોસ્ત હોય છે.

તમારી ખુબી પર વારી જાય,
એ દોસ્ત હોય છે.

તમને જીતાડવા માટે હારી જાય,
એ દોસ્ત હોય છે.

– વીરડીયા જેની સી. (ધો. 9A)

''મા-બાપનું ઋણ''

કેમ કરીને આંકીશું મૂલ્ય તેમનું આપણા જીવતરમાં,
દિલથી નજર માંડજો, એક ઇશ્વર દેખાશે માવતરમાં...

સંસ્કાર, શિક્ષણ અને ધર્મનું સિંચન કર્યું છે આપણા જીવનમાં,
કેમ કરીને આંગળી ચિંધશે, કોઇ તેમના ઘડતરમાં...

તોફાની વાવાઝોડામાં બુલંદ ઇમારત પણ ડગમગ થાય છે,
મતલબ એવો કયારેય નથી કે, ખામી રહી છે ચણતરમાં...

આપણી જન્મયાત્રાથી એમની અંતિમયાત્રા સુધીનાં સંગાથી બનો,
આપણે જ શીખવવાનું છે બધુ, આવું કયાંય નથી ભણતરમાં...

દિલ દુભાવ્યા હોય તો આ જ સમય છે પસ્તાવો કરી લ્યો,
પછી તો હસતા હોઇશું આપણે, પણ આંસુ દેખાશે દર્પણમાં...

– ભાલારા દેવર્ષ વી. (ધો. 10B)

ગરવી ગુજરાત

જયાં ચોકે ચોકે મંદિર હોય હનુમાનજી મહારાજના,
જયાં ગામે ગામે પાળીયા હોય ઇ શૂરવીર દાતારાના,
પણ સોમનાથમાં દાદા શંકર બીરાજે... ઇ ગરવી રે ગુજરાતમાં...

જયાં કવિઓની રમઝટ હોય, જયાં દુહા-છંદની હાણ હોય,
પણ જયાં શિવાજીના હાલરાડા હોય ઇ ઝવેરચંદ મેઘાણીના...

જયાં જોગીદાસ જેવી ખમીરાત હોય ને
સંત મૂળદાસ જેવી ટેક હોય,
પણ એની જનનીએ જણ્યા આ વીર પુરૂષો ગરવી રે ગુજરાતમાં...

જયાં રંગ કસંબુના ગીત ગવાતા, જયાં કૃષ્ણના ગુણગાન ગવાતા,
પણ એને ગાનારો કવિ કાગ જન્મયો ઇ તો ગરવી રે ગુજરાતમાં...

જયાં સંત, શૂરા અને સાધુઓતો વસ્યા છે ગીરનારમાં,
પણ ડાલામથ્થા સાવજ ડણકે ઇ તો ગરવી ગુજરાતમાં...

– મુંજારીયા સિધ્ધાર્થ (ધો. 12E)

સર્વોદય અભિયાન...

થોડા દિવસ પહેલા અમે પ્રકૃત્તિને કઇ રીતે બચાવી શકાય ? તે બાબતે જાણ્યું હતું. જેના થોડા વિચારો અહીં રજૂ કરીએ છીએ. આપણે સૌ આ અભિયાનમાં જોડાઇએ.

પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડીએ - તેને રીસાયકલ કરીએ

પ્લાસ્ટિક એક એવું દ્રવ્ય છે કે જે કુદરતી સ્થિતીમાં હજારો વર્ષ સુધી નાશ થતું નથી ! આજે પ્લાસ્ટિકની અનેક પ્રકારની વિકરાળ પર્યાવરણીય સમસ્યાઓ ઉદ્‌ભવે છે. થોડી આંખ ઉઘાડનારી હકીકતો...

૧. દુનિયામાં દર સેકન્ડે ૫૦,૦૦૦ પ્લાસ્ટિક બેગ/ઝબલાઓનો ઉપયોગ થાય છે.

૨. સમુદ્રનો ૮૬% કચરો પ્લાસ્ટિક સ્વરૂપે છે. આ કચરો અમુક સમય બાદ નાના દાણાના રૂપમાં પરિવર્તન પામે છે. જે નાની માછલીઓ જીવડુ સમજી ખાઇ જાય છે. માછલીને અન્ય દરિયાઇ જીવો, જમીન પર રહેતા પ્રાણીઓ, પક્ષીઓ અને મનુષ્યો ખાઇ છે. આમ આપણી ફુડ ચેઇનમાં પ્રસરાઇને દરેક જીવના શરીરમાં પ્લાસ્ટિક એક યા બીજા સ્વરૂપે ઘુસી ગયેલ છે.

૩. દર વર્ષે દુનિયામાં લગભગ ૧૦ લાખથી વધુ પશુ-પક્ષી, દરિયાઇ જીવોના મૃત્યુ રીબાઇ રીબાઇને પ્લાસ્ટિકની કોથળી અને બોટલના ઢાંકણા ખાવાથી થાય છે.

૪. પ્લાસ્ટિકના કચરાને એકઠો કરવાની આપણે ત્યાં યોગ્ય વ્યવસ્થા ન હોય, કુલ ઉત્પન્ન થતા કચરામાંથી ૦.૭% પ્લાસ્ટિક વેસ્ટ રીસાયકલ થાય છે.

૫. પ્લાસ્ટિક કચરામાં સૌથી મોટો હિસ્સો પ્લાસ્ટિકની કોથળીઓ, પાઉચ અને પાણીની બોટલોનો છે.

આ પ્લાસ્ટિક રૂપી દૈત્યનો નાશ અત્યંત જરૂર છે. નહીંતર એક દિવસ તે તમામ જીવ સૃષ્ટિનો નાશ કરશે. તેનો નાશ કરવા માટે 3R નો સિદ્ધાંત એટલે કે, Reduce - Reuse - Recycle એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તો ચાલો હું અને તમે હવેથી...

૧. બજારમાં ખરીદી વખતે ઘરેથી કપડાની થેલી સાથે રાખીએ. બેગ્સનો ઉપયોગ ન કરીએ.

૨. કોઇપણ પ્રસંગના જમણવારમાં પ્લાસ્ટિકના ગ્લાસ, પ્લેટ કે ચમચીનો ઉપયોગ અટકાવીએ.

૩. જાહેર સ્થળોએ પ્લાસ્ટિકનો કચરો કચરાપેટીમાં જ નાખીએ.

૪. ઘરે પ્લાસ્ટિકનો ભંગાર જેવા કે, પ્લાસ્ટિક બેગ, પ્લાસ્ટિક બોટલ, પીણાંના કેન, તૂટેલી વસ્તુઓ, બટન, ટુથપેસ્ટ વિગેરે એકઠો કરી પુનઃ ઉપયોગમાં લઇ શકતી પેઢી, સંસ્થાને કે ભંગારવાળાને પહોંચીએ.

- વડગામા હર્ષ ડી. (ધો. 8D) - વોરા જેનિલ (ધો. 8G)

કાચિંડાઓનો રાજા - જેકસન કેમેલિયન

વાતાવરણ પ્રમાણે રંગ બદલવા માટે જાણીતા કાચિંડાની જાતમાં વિશિષ્ટ શક્તિઓ હોય છે. તેમાંય જેકસન કેમેલિયન એટલે તો કિંગ ઓફ કેમેલિયન્સ.

જેકસન કેમેલિયનનાં માથા પર ત્રણ શિંગડા હોય છે. અણિયાળા દાંત અને મજબૂત જડબાવાળા આ કાચિંડા ખોરાકને ચાવીને ગળે ઉતારે છે. પૂંછડી સહિત એક ફૂટ લંબાઇના આ કાચિંડા જંતુઓ ખાઇને પેટ ભરે છે.

જેકસન કેમેલિયનની પૂંછડી લાંબી અને સાપ જેવી હોય છે જે તેના હાથ જેવું કામ કરે છે. પૂંછડી ઝાડની ડાળી ઉપર વીંટળાઇ શકે છે.

આ કાચિંડાની ચામડી ચાર આવરણની બનેલી હોય છે. ત્રણ આંતરિક આવરણોમાં રંગકોષો હોય છે. કાચિંડા પોતાની જાતે ઇચ્છે તેમ રંગ બદલી શકતા નથી. પરંતુ ગરમી-ઠંડીની અસર અને ગુસ્સે કે ભયભીત થાય ત્યારે જે તે રંગના કોષો વિસ્તાર પામીને શરીરનો રંગ બદલે છે. જેકસન કેમેલિયનની આંખો ચારે તરફ ફરે છે. માથું હલાવ્યા વિના તે ચારે દિશામાં જોઇ શકે છે. આ કાચિંડાના પગમાં બે આગળ અને બે પાછળ એમ ચાર આંગળા હોય છે. ઝાડની ડાળી ઉપર તે પક્ષીની જેમ પક્કડ જમાવી શકે છે.

જેકસન કેમેલિયન બચ્ચાને જન્મ આપે છે. આફ્રિકાના જંગલોમાં ઝાડ ઉપર જીવન વિતાવતા આ કાચિંડાથી સાપ પણ ડરે છે.

– ગોધાસરા ખુશ એસ. (ધો. 4H Insti.)

વિદ્યાર્થી જીવનનાં અમૂલ્ય રત્નો

- સમય એ તમારી સંપતી છે.
- સંયમ એ તમારી શક્તિ છે.
- કર્મ એ તમારૂ કલ્પવૃક્ષ છે.
- પુરૂષાર્થ એ તમારી પારસમણી છે.
- પ્રાર્થના એ તમારી આંતરિક શક્તિનું જનરેટર છે.
- શિક્ષણ સંસ્થાએ તમારૂ મંદિર છે.
- સદ્‌ગુણો એ તમારૂ સૌંદર્ય છે.
- વાણી એ તમારૂ પ્રતિબિંબ છે.
- પ્રેકટીસ એ તમારો યજ્ઞ છે.
- ધ્યેય, નિષ્ઠા એ તમારી સીડી છે.
- સ્નેહ, સંબંધો એ તમારા જીવનનું સંગીત છે.
- ગુણગ્રહણ એ તમારી સજ્જનતાનું માપદંડ છે.
- ભૂલોનો સ્વીકાર એ તમારી પ્રગતિનો પંથ છે.
- અધ્યયન એ તમારૂ તપ છે.
- શિસ્તપાલન એ તમારો ધર્મ છે.
- નિયમનું પાલન એ તમારી મહાનતાનો માર્ગ છે.

– પરસાણા નેહાંગ એસ. (ધો. 10A)

માછલીનું મગજ આપણા કરતા તેજ છે ?

એવું કહેવાય છે કે, એકવેરિયમની માછલીઓની યાદશક્તિ ખૂબ ઓછી હોય છે. તે કોઇપણ બાબત ત્રણ સેકન્ડ સુધી જ યાદ રાખી શકે છે ! પણ એવું નથી. બ્રિટનના વૈજ્ઞાનિકોએ એકવેરિયમની રાણી ગણાતી ગોલ્ડ ફીશ ઉપર સંશોધન કર્યું છે અને સાબિત કરી આપ્યું છે કે, ગોલ્ડ ફીશનું મગજ માણસ કરતા તેજ છે. માણસ કરતા વધારે બાબતો આ માછલી યાદ રાખી શકે છે અને ત્રણ સેકન્ડ પૂરતું નહીં પણ ૧૫ દિવસ સુધી આ માછલી બધુ યાદ રાખી શકે છે. આના પ્રયોગના ભાગરૂપે એકવેરિયમમાં તરતી ગોલ્ડ ફીશને રોજ એક જ જગ્યાએથી દાણા આપવામાં આવ્યા હતા, જયારે દાણાનો ટાઇમ થાય ત્યારે બધી માછલીઓ એ જ જગ્યાએ આવીને ઉછળકૂદ કરવા માંડતી, જયાંથી દાણા આપવમાં આવતા.

– સાવલીયા નેન્સી (ધો. 10A)

ભારત દેશનાં રાજ્યોના મુખ્યમંત્રીઓની યાદી

મહારાષ્ટ્ર	:	દેવેન્દ્ર ફડનવીસ
હરિયાણા	:	મનોહરલાલ ખટ્ટર
ઝારખંડ	:	શ્રી રઘુવરદાસ
જમ્મુ અને કશ્મીર	:	મુફ્તી મોહમ્મદ સઇદ
હિમાચલ પ્રદેશ	:	વીરભદ્રસિંહ
કર્ણાટક	:	કે. સિદ્ધારમૈયા
કેરાલા	:	ઓમાન ચાંડી
મધ્યપ્રદેશ	:	શિવરાજસિંહ ચૌહાણ
તેલંગાણા	:	ચંદ્રશેખર રાવ
સીમાંધ્ર	:	ચંદ્રબાબુ નાયડુ
અરૂણાચલપ્રદેશ	:	નાબમ ટુકી
આસામ	:	તરૂણકુમાર ગગોઇ
બિહાર	:	નિતીશકુમાર
મણિપુર	:	ઓકરામ ઇબોઇસિંહ
મેઘાલય	:	મુકુલ સંગમા
મિઝોરમ	:	સી લલયાનવાલા
છત્તીસગઢ	:	ડો. રમનસિંહ
દિલ્લી	:	અરવિંદ કેજરીવાલ
ગોવા	:	લક્ષ્મીકાંત પારસેકર
પોંડીચેરી	:	એન. રંગાસ્વામી
પંજાબ	:	પ્રકાશસિંહ બાદલ
રાજસ્થાન	:	વસુંધરા રોજીસિંધિયા
સિક્કિમ	:	પવનકુમાર ચામલિંગ
તમિલનાડુ	:	જયલલીતા
ત્રિપુરા	:	માણેક સરકાર
ઉત્તરાખંડ	:	હરીશ રાવત
ઉત્તરપ્રદેશ	:	અખિલેશ યાદવ
પશ્ચિમ બંગાળ	:	મમતા બેનર્જી
ગુજરાત	:	આનંદીબેન પટેલ
નાગાલેન્ડ	:	ટી. આરજેલિયાંગ
ઓડીશા	:	નવીન પટ્ટનાયક

– લાખાણી પ્રિયંકા (ધો. 12G Sci.)

સર્વોદય ડોટકોમ...

સૌથી મોટો રૂબી બેંગલુરુમાં

ભારતમાં સૌથી મોટો રૂબી એટલે કે, માણેક બેંગલુરુમાં ૨૧.૯૫૫ ગ્રામનો અને ૩૧૦x૧૬૫x૧૪૦ mm નો છે. આ રૂબીને 'ધ કિંગ રૂબી' નામ આપવામાં આવ્યું છે.

આ રૂબી બેંગલુરુના પ્રખ્યાત પ્રેસ્ટિજ જેમ્સ એન્ડ જ્વેલર્સ શો-રૂમમાં રાખવામાં આવ્યો છે. ગિનીસ બુકમાં આ રૂબીનો ઉલ્લેખ અધિકૃત રીતે દુનિયામાં સૌથી મોટા રૂબી તરીકે કરવામાં આવ્યો છે.

– ખુંટ અક્ષર પી. (ધો. 3B)

છૂપા તહેવારો

નીચે દર્શાવેલ વાક્યોમાં છૂપાયેલા તહેવારોના નામ શોધી કાઢો.

૧. આજકાલ માનવ રાત્રીનાં સમયે પણ કામમાં ડૂબેલો જ રહે છે.

૨. કોક'દિ વાળીયા લોકો સમૂહમાં રજા રાખે છે.

૩. અભ્યાસમાં પીછેહટ કરી તો માનવું વર્ષ આખું બેકાર ગયું.

૪. સોહમભાઇ બીજનાં ચાંદનું અને અનેરૂ મહત્વ છે.

૫. તમારી જેટલી વધુ સુરક્ષા બંધન તેટલા ઓછા.

૬. સેઉત અને રેઉત રાયણ ખૂબ જ ખાય છે.

૭. આજકાલ અખબારો સમાજમાં બહોળી પ્રસિધ્ધી ધરાવે છે.

૮. ધૂળેટીયા એક જાણીતી છતાં અલ્પપ્રસિદ્ધ અટક છે.

૯. જાણીતા અભિનેતા સદાશિવ રાત્રીના સમયે બહાર ન નીકળતા.

– ઓધવાણી ક્રિશ વી. (ધો. 6G)

ઉત્તર :

૧. નવરાત્રી	૪. ભાઇબીજ	૭. હોળી
૨. દિવાળી	૫. રક્ષાબંધન	૮. ધૂળેટી
૩. નવું વર્ષ	૬. ઉત્તરાયણ	૯. શિવરાત્રી

કરામત

સ	ક	ન
જ	ર	ફ

૧. એક ફળ.....

૨. સૂર્યનું અંગ્રેજી નામ.....

૩. શરદીમાં જામે.....

૪. મુસાફરી કરવી.....

૫. મેળામાં હોય.....

૬. બેસ્ટમેન બનાવે.....

૭. પિતાને કહેવાય.....

૮. .... અને માદા.....

૯. શિક્ષકનું સંબોધન.....

૧. સાફરજન ૨. સન ૩. કફ
૪. સફર ૫. ફજર ૬. સન
૭. જનક ૮. નર ૯. સર

– સીદપરા સિયા એમ. (ધો. 3E)

અંગ્રેજી માધ્યમ CBSE ધો. ૧ થી ૬ નાં વિદ્યાર્થીઓએ હિન્દી કાવ્ય પઠનમાં સ્પર્ધામાં સૌને કર્યા મંત્રમુગ્ધ

અંગ્રેજી માધ્યમ CBSE ધો. ૭ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ હિન્દી કાવ્ય પઠનમાં સ્પર્ધામાં ઉત્સાહપૂર્ણ ભાગ લીધો

અંગ્રેજી માધ્યમ CBSE પ્રેપ સેકશનનાં નાના ભૂલકાઓએ રસપૂર્ણ કાવ્ય પઠન કર્યું

ઇન્સ્ટીટ્યુટ દ્વારા રમત-ગમત અંતર્ગત ૫૦ મી. રેસમાં દોડતા સર્વોદયન્સ

ગુજરાતી માધ્યમ ધો. ૧ થી ૪ માં વિષય અંતર્ગત પ્રોજેકટ કાર્ય

અંગ્રેજી માધ્યમ CBSE
પ્રેપ સેકશન દ્વારા
ગુરૂપૂર્ણિમા નિમિત્તે
ભાવ-વંદના
કાર્ડ મેકીંગ સ્પર્ધાનું
સુંદર આયોજન...

ધો. ૧ થી ૪ દ્વારા પર્યાવરણ સપ્તાહની ઉજવણી વિશિષ્ટ રીતે વિવિધ પાત્રો દ્વારા કરી

ધો. ૧ થી ૪ બાલસભામાં વિદ્યાર્થીઓ સાથે આચાર્યા ગીતાબેન ગાજીપરા

ઇન્સ્ટીટ્યુટ સ્કાઉટ ગાઇડની રમત-ગમત પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ

ધો. ૫ થી ૬ પર્યાવરણ સપ્તાહ ચિત્ર સ્પર્ધામાં પ્રવૃત્ત વિદ્યાર્થીઓ

રમત-ગમત પ્રવૃત્તિ અંતર્ગત શારીરિક કૌશલ્ય સંદર્ભે ધો. ૫-૬ ના વિદ્યાર્થીઓની ૫૦ મી. રેસ સ્પર્ધાનું સુંદર આયોજન

મતદાન વિષયાંગ અંતર્ગત ચૂંટણી પ્રક્રીયાનો સ્વ અનુભવ કરતા ધો. ૫-૬ નાં વિદ્યાર્થીઓ

રાજકોટની શાન સમાન વોટ્સન મ્યુઝીયમની મુલાકાતે ધો. ૫-૬ નાં વિદ્યાર્થીઓ

બાલસભામાં સુંદર પ્રવૃત્તિઓ દ્વારા જીવનમૂલ્યનાં પાઠ શીખતા ધો. ૫ થી ૬ નાં વિદ્યાર્થીઓ

સાયન્સ લેબમાં વિવિધ પ્રયોગો દ્વારા વિજ્ઞાન અભિગમ કેળવતા ધો. ૭-૮ ના વિદ્યાર્થીઓ

રાજકોટ લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે ધો. ૭-૮ ની વિદ્યાર્થીનીઓ

ટેકનોલોજી યુગમાં પોસ્ટકાર્ડ લેખનને જીવંત રાખવા ધો. ૭-૮ નાં વિદ્યાર્થીઓએ માતા-પિતાને લખ્યા પત્રો

પર્યાવરણ જાગૃતિ અંતર્ગત ધો. ૭-૮ ના વિદ્યાર્થીઓ માટે ક્વીઝ સ્પર્ધાનું સુંદર આયોજન

સર્વોદય સ્કૂલ - રાજકોટ
ધો. ૧ થી ૪

ધોઃ ૭-૮

ધો. ૯-૧૦/૧૧-૧૨ સાયન્સ

ધો. ૧૧-૧૨ કોમર્સ

Institute

બાલવાટિકા

પર્યાવરણ સપ્તાહ અંતર્ગત ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં શોભતા મવડી સ્કૂલનાં ભૂલકાઓ

રમત-ગમત સ્પર્ધામાં ખીલખીલાટ કરતા મવડી સ્કૂલના L.K.G. નાં ભૂલકાઓ

દિવ્ય ભાસ્કરની
વૃક્ષારોપણ ઝુંબેશમાં
મવડી સ્કૂલનાં આંગણે
'એક વૃક્ષ એક જીવન' અંતર્ગત
વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

CBSE અંગ્રેજી માધ્યમનું પ્રેરક કાર્ય

આપણા સંગ પ્રસંગ ઉજવે છે સૌ, કો'ક દી ઉજવો અન્ય સંગ,
વૃધ્ધ નથી એ, લાગણી અપાર, આનંદ આપશો એને, આશિષ મળશે અપાર...

વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ કોમર્સનાં વિદ્યાર્થીઓનો યોજાયો સન્માન કાર્યક્રમ

FM Dynamic Cricket માં ઉત્કૃષ્ઠ દેખાવ

રઘુવંશી ચેસ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા સર્વોદયન્સ

અનોખો વિક્રમ બે વખત લિમ્કાબૂકમાં સ્થાન મેળવનાર રાજકોટનો યુવાન હવે 'ગિનિઝ'માં નામ નોંધાવવાની દોડમાં

વિશ્વની સૌથી નાની ૭૦૦ પુસ્તિકાઓનું નિર્માણ

Rajkot teacher in Guinness book for mini-book collection

Pics: Ramesh Tankaria

Rajkot: Rajkot-based 28-year-old teacher has become the first person in Gujarat for being featured in the Guinness Book of World Record (GWR) for having the largest collection of miniature books.

Nikunj Vagadiya, whose name featured twice in the Limca Book of World Records for having the collection, recently got a certificate from the Guinness Book of World Records Authority for having the collection of 258 miniature books. The miniature books are in different categories, including religious, short story books, biography of famous personalities of the world and dramas of Shakespeare, says Vagadiya.

The Guinness Book authority has given special category to Vagadiya's collection, he says, adding that the books are written in pencil and some of the

Nikunj Vagadiya (left) and his collection

Mahatma Gandhi and Dhirubhai Ambani in miniature book forms



કરવા જેવા કામ

કારતક - કામ કરવું નિષ્ઠાથી, ઇચ્છાશક્તિથી
માગશર - માતૃભૂમિને રક્ષણ કાજે તૈયાર રહેવું.
પોષ - પોરની વાત જવા દઇ નવેસરથી એકડો ઘૂંટવો.
મહા - મને વૃક્ષો વાવવા બહુ ગમે.
ફાગણ - ફાલતુ વાતો ત્યજી સત્યને પકડવું.
ચૈત્ર - ચૈતન્ય મન થકી શાંતિ મેળવવી.
વૈશાખ - વૈરાગ્યવાદી અને કર્મવાદી પણ બનવું.
જેઠ - જે જન પ્રદૂષણને ટાળે તે સૃષ્ટિને માણે.
અષાઢ - અહિંસા આપણો પરમ ધર્મ છે.
શ્રાવણ - શ્રાવ્ય કરેલા સારા ભાથાને વ્યવહારમાં ઉતારવા.
ભાદરવો - ભારતમાંથી ભ્રષ્ટાચારને ભગાવવો.
આસો - આનંદિત રહેવું અને બધાને આનંદિત રાખવા.

જાન્યુઆરી - જાત મહેનત કરો.
ફેબ્રુઆરી - ફેરફારને અવકાશ આપો.
માર્ચ - મારા-તારાનો ભેદ ભૂલો.
એપ્રિલ - એકાગ્રતા કેળવો.
મે - મેળાવડા બનો.
જૂન - જૂના મિત્રોને યાદ કરો.
જુલાઇ - જૂના કુરિવાજોને દૂર કરો.
ઓગષ્ટ - ઓળખ (નામ) બનાવો.
સપ્ટેમ્બર - સમાજસેવા કરો.
ઓકટોબર - ઓછું બોલો, કાર્ય વધુ કરો.
નવેમ્બર - નવતર પ્રયોગ કરો.
ડિસેમ્બર - ડિલને ઢાંકવા દિલનો ઉપયોગ કરો.

– શિક્ષિકાશ્રી, હિરપરા બિનાબેન (Std. 5 to 7, મવડી સ્કૂલ)

સ્પીડોમીટર કેવી રીતે કાર્ય કરે છે ?

જમીન પર દોડતા વાહનો કેટલી ઝડપથી દોડે છે તે જાણવા માટે વાહનોમાં સ્પીડોમીટર મૂકેલું હોય છે. આ સ્પીડોમીટર વાહનના વ્હીલના પરીધ અને ધરીનાં માપ પર આધારિત હોય છે. વાહન દોડવાનું શરૂ કરે કે, તરત જ પૈડા તથા ધરી ભેગુ એક ચુંબક ફરવા માંડે છે. જેનું ચુંબકીય ક્ષેત્ર સ્પીડકપ એ જ દિશામાં ગોળાકાર સાધનને ખેંચે છે. સ્પીડકપ એ જ દિશામાં ખેંચાય કે જે તરફ ચુંબકીય ક્ષેત્ર ફરતું હોય. પૈડુ ફરવાનો વેગ જેમ વધારે તેમ સ્પીડકપ અને તેની સાથે જોડાયેલો કાંટો વધુ ખેંચાય જે સ્વાભાવિક છે. આથી સ્પીડોમીટરમાં કાંટો વધુ ઝડપ બતાવે છે.

– બાલધા પ્રિયા બી. (ધો. 6G)

સેલોટેપ કેવી રીતે બની ?

બે કાગળને સાંધવામા અત્યારે સેલોટેપ ખૂબ જ વપરાય છે. ઉપરાંત સેલોટેપનો ઉપયોગ બીજા ઘણા કામોમાં થાય છે. ઇ.સ. ૧૯૨૮ માં એની શોધ સૌ પ્રથમ રિચર્ડ ડ્રિયુ નામના એક અમેરિકન વૈજ્ઞાનિકે કરી હતી. તે અમેરિકાની મિનેસોટા માઇનિંગ એન્ડ મેન્યુફેકચરીંગ કોર્પોરેશનમાં રિસર્ચ ટેકનિશયન હતો. રિચર્ડે સેલો ફિલ્મ પર રબ્બરનું પેસ્ટિંગ કરી સેલોટેપ બનાવી હતી. એ પછી સેલોટેપ સ્કોચટેપ તરીકે બજારમાં આવી. ઇ.સ. ૧૯૩૭ માં જ્યોર્જ ગ્રે અને કોલિન નામના બે માણસોએ આ ટેપને સેલોટેપ તરીકે બ્રિટનમાં રજૂ કરી. આજે તે આખા વિશ્વમાં સેલોટેપના નામે પ્રસિદ્ધ બની છે.

– કાનાણી ઉર્વી બી. (ધો. 10A)

વાર્તા : અડગ આત્મવિશ્વાસ

સરજુએ એસ.એસ.સી. ની બે વખત પરીક્ષા આપી. તે બંને વખત નાપાસ થયો. તેથી તે હિંમત હારી ગયો. તેને એવું જ લાગતું હતું કે, તે કદાપી પાસ થશે જ નહીં. હવે તેને ફરીવાર વાંચવાનો પણ કંટાળો આવતો હતો. તેણે નક્કી કરી લીધું કે હવે તેને ભણવું જ નથી. બસ એના મમ્મી-પપ્પા, દાદા-દાદી બધાએ તેને ખૂબ જ સમજાવ્યો. પરંતુ તે માન્યો જ નહીં. એક દિવસની વાત છે. તેણે બુધ્ધના જીવનની વાર્તા વાંચી. એમાં એક વાર્તા હતી.

એક મોટી ખિસકોલી નદીના કિનારે બેઠી હતી. તે થોડીક વારે નદીના પ્રવાહ નજીક જતી અને અંદર પોતાની પૂંછડી પલાળીને બહાર આવતી. પછી પૂંછડીની અંદરનું પાણી બહાર ખંખેરી નાખતી હતી. એવામાં ત્યાંથી એક છોકરો પસાર થયો. તેણે આ જોયું. તેણે પૂછયું, ''અલી ખિસકોલી, તું આ શું કરે છે ?'' ખિસકોલીએ કહ્યું, ''હું આ નદીનું પાણી ઉલેસી રહી છું.'' પણ શા માટે ? પેલા છોકરાએ પૂછયું. ''આ નદીના પૂરમાં મારા બચ્ચાં તણાઇ ગયાં છે. તેથી હું નદીનું પાણી ઉલેચીને વેર લઉં છું. હું આ નદીનું બધુ પાણી ઉલેચી નાખવા માંગુ છું.'' ખિસકોલીએ કહ્યું. ''પણ, તારી પૂંછડીમાં માંડ બે થી ત્રણ ટીપા પાણી ભરાતું હશે. તેમાં તું એકલા હાથે આખી નદી ઉલેચી નાખવાની વાત કરે છે ?'' પેલા છોકરાએ પૂછયું.

સરજુએ જયારે આટલી નાની ખિસકોલીના અડગ આત્મવિશ્વાસની વાર્તા વાંચી ત્યારે તેને પોતાનામાં પણ વિશ્વાસ જાગ્યો. તેણે વિચાર્યું કે, જો એક નાનકડી ખિસકોલી ભરપૂર આત્મવિશ્વાસ ધરાવતી હોય તો પછી હું તો સાવ મૂરખ ગણાઉં. હું પણ ફરીથી વાંચવાનું શરૂ કરી દઇશ.

આમ, સરજુએ અડગ આત્મવિશ્વાસ સાથે બોર્ડની પરીક્ષા આપી. તેમાં તે માત્ર પાસ જ ન થયો પણ બોર્ડમાં પ્રથમ નંબરે આવ્યો. તે ખૂબ જ ખુશ હતો. તેના મમ્મી-પપ્પા અને દાદા-દાદી પણ...

– પડાળીયા સોહમ બી. (ધો. 3D)

વિશ્વનાં નોંધપાત્ર પુસ્તકાલય

□ રશિયન સ્ટેટ લાઇબ્રેરી :

રશિયાના મોસ્કો સિટી સ્થિત 'રશિયન સ્ટેટ લાઇબ્રેરી' એ દુનિયાની સૌથી મોટી લાઇબ્રેરીમાં ચોથો ક્રમાંક ધરાવે છે. આ લાઇબ્રેરીની સ્થાપના ૧૯૨૫ માં થઇ હતી. આ લાઇબ્રેરીની સ્થાપના સમયે તેનું નામ 'વી.આઇ. લેનિન સ્ટેટ લાઇબ્રેરી' રાખવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ રશિયન સરકારા દ્વારા લાઇબ્રેરીનું નામ ૧૯૯૨ માં બદલી 'રશિયન સ્ટેટ લાઇબ્રેરી' રાખવામાં આવ્યું છે. આ લાઇબ્રેરીને તેનું હુલામણું નામ લેનિન લાઇબ્રેરી મળ્યું છે. આ લાઇબ્રેરીમાં ૪૩ મિલિયન જેટલી વસ્તુનો સમાવેશ થાય છે. જેમાં ૧૭ મિલિયન પુસ્તક, ૧૩ મિલિયન જર્નલ્સ, ૩,૫૦,૦૦૦ જેટલા સંગીત રેકોર્ડર

અને કેસેટ્સ અને ૧,૫૦,૦૦૦ નકશાનો સમાવેશ થાય છે. અહીં અલગ
અલગ ૨૪૭ ભાષાનાં પુસ્તકો મળી રહે છે. બાળમિત્રો, તમને જાણીને નવાઇ લાગશે, પરંતુ આ લાઇબ્રેરીને સાચવવા આશરે ૧૮૩૦ લોકોનો સ્ટાફ અહીં કામ કરે છે.

□ **ન્યુયોર્ક પબ્લિક લાઇબ્રેરી :**

ન્યુયોર્ક સ્થિત પબ્લિક લાઇબ્રેરીની સ્થાપના ૨૦ મી સદીમાં થઇ હતી. હાલ આ લાઇબ્રેરીમાં અંદાજીત પુસ્તકોની સંખ્યા ૫૩ મિલિયન જેટલી છે. આ લાઇબ્રેરીનું સંચાલન કરવા અહીં ૩,૧૫૦ લોકોના સ્ટાફની જરૂર પડે છે. ન્યુયોર્ક લાઇબ્રેરીની સ્થાપના બાદ ૨૩ મે, ૧૯૧૧ માં ન્યુયોર્ક પ્રેસિડેન્ટ વિલિયમ હોવાર્ડ દ્વારા લાઇબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય લાઇબ્રેરીની ડિઝાઇન અને બાંધકામ પણ જોવાલાયક છે.

– અમૃતિયા ક્રિષ્ના (ધો. 9D)

Krishna avatar meaning and importance

Krishna means "all attractive" & Avatar means "descent of the divine." Krishna Janmastami, the Birth or descent of Krishna, the god worshiped by millions of Hindus around the world. Krishna appeared on this earth, at midnight, approximately 5000 year ago in Mathura, located in Northern India, 91 miles south of new Delhi.

Krishna is God as never seen before. He wore many hats : Child, Friend, Servant, Cowherd buy & killer of demons.

Hundreds of millions of people will perform severe fasts, engage in extended rituals & worship, recite extensively his activities & also the verses remembering him & his activities on this day & throughout the year.

Krishna's activities can be very difficult to comprehend, especially if one is used to the notion of god being the supreme father who is angry, jealous & eager to punish those who don't follow his law. There are descriptions that better fit Krishna : He's a poet, a singer, a dancer, he likes to serve & all one has to do is look at a sunset, sunrise or any of the other wonders of nature & it becomes easy to understand the creative & artistic side of Krishna.

- Chaurasia Himanshu (Std. 9B Eng. Med.)

SMS

કોઇને મદદ કરવા જ્યારે હાથ લંબાવો, ત્યારે એના ચહેરા સામે ન જોવું...
કેમ કે, મજબૂર માણસની આંખમાં ઉગેલી શરમ, આપણાં દિલમાં અભિમાનનું બીજ વાવે છે...

પર્યાવરણ સંરક્ષણ

માવનજીવનમાં વૃક્ષ-વનસ્પતિનું અત્યંત મહત્ત્વ છે. તે મનુષ્ય માટે ખૂબ ઉપયોગી છે તથા માનવજીવનનો આધાર છે, પરંતુ આજે માણસ તેમના મહત્ત્વને સમજ્યા વગર તેમની ઉપેક્ષા કરી રહ્યો છે. તાત્કાલિક ગૌણ લાભ જોઇને તેમનું નિરંતર નિકંદન કાઢતો હોય છે. જેટલા વૃક્ષો કપાય તેટલા નવાં ઉછેરવા જોઇએ, પરંતુ એવું થતું નથી. વૃક્ષોની સંખ્યા નિરંતર ઘટતી જાય છે. એના પરિણામે આજે માણસ સામે અને વિકટ સમસ્યાઓ ઊભી થઇ છે.

પ્રાચીનકાળના ઋષિમુનિઓ પોતાના આશ્રમોની ચારેય બાજુ વન ઉછેરતા હતા. તેઓ વૃક્ષ વનસ્પતિને પ્રાણી જગતના જીવનનો આધાર માનતા હતા અને વૃક્ષ ઉછેરને સર્વોપરી સ્થાન આપતા હતા. વૃક્ષોની કમી જોઇને કવિહૃદયવાળા ઋષિઓ વ્યાકુળ થઇ જતા હતા અને ધરતીને પૂછતા હતા, ''હે માતા પૃથ્વી પાંદડાઓ જેટલા જ જેની પર ફૂલો ખીલતા હતાં અને ફૂલો જેટલા જ ફળ લાગતા હતા અને ફળથી લદાઇ જતા હતા. છતા પણ જેમની પર સરળતાથી ચડી શકાતું હતું એવા વૃક્ષો હવે ક્યાં ગયાં ?''

ધર્મશાસ્ત્રોમાં તુલસી, વડ, પીપળો, આમળા, બિલી વગેરે વૃક્ષોને દેવવૃક્ષો માનવામાં આવ્યા છે. વૃક્ષો મનુષ્ય પરિવારનું જ અંગ છે. તેઓ આપણને પ્રાણવાયુ આપીને જીવતા રાખે છે. તેઓ આપણા માટે કેટલા ઉપયોગી છે. તેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે. તેથી જો આપણે જીવતા રહેવું હોય તો વધારેમા વધારે વૃક્ષો ઉછેરવા જોઇએ.

– ગોસ્વામી મોનાલી એમ. (ધો. 4J Insti.)

Some well-known greetings :

1. Tamils say **Nalla kalai** to greet each other.
2. Marathi use **Swagat Ahe** to greet their guests.
3. French people say **Salut** when meeting someone for the first time.
4. **Ahla wa sahla** is an arabian way of greetings.
5. Gujaratis says **Kem Chho** to enquire about a guest's well being.
6. Spaniards use **Bienvenidos** to wishor greet.
7. **Nomoskar** is used by Bengalis to welcome people.
8. **Khamma Ghani** is normally used by Rajasthani People to greet someone.

Some well-known Good mornings :

1. Russian people use	-	Dobroe utro
2. German people use	-	Guten Margen
3. Arab people use	-	Sabah El khair
4. Swedish people use	-	God Morgon
5. Chinese people use	-	Zao shang Hao
6. Hungarian people use	-	Jo Reggelt
7. Japanese people use	-	Ohayou Gozaimasu
8. Portuguese people use	-	Bom Dia
9. Spanish people use	-	Buenas Tardes
10. French people use	-	Bonjour

- Baidya Chanda N. (Std. 8B Eng. Med.)

દીવાસળીના શોધક

ઇંગ્લેન્ડમાં આવેલ સ્ટોકટોન-ઓન-ટીસમાં જોન વોકર નામના એક કેમિસ્ટ હતા. આજે આપણે જે મેચ એટલે દીવાસળી વાપરીએ છીએ તેની શોધ તેમણે કરી હતી. બાળમિત્રો, વાસ્તવમાં આ શોધ અકસ્માતથી જ સર્જાઇ હતી. દીવાસળીની શોધ ૧૮૨૬ માં જોન વોકરે કરી હતી. તેમણે પોટેશિયમ કાર્બોનેટ અને એન્ટિમોનીને પથ્થર પર ઘસ્યું, જયારે ઘસ્યું ત્યારે તેમને ખબર ન હોતી કે આમ કરવાથી આગ ઉત્પન્ન થશે. તે સમયે વોકરે કાર્ડબોર્ડની સળી બનાવીને માચીસ બનાવવાનું વિચાર્યું હતું, પણ તેમ કરવામાં કાર્ડબોર્ડની સળી બનાવીને માચીસ બનાવવાનું વિચાર્યું અને સળીને લાકડામાંથી બનાવવાનું નક્કી કર્યું. તેના થોડા સમયમાં જ બજારમાં નાની પેટીમાં ૧૦૦ ના જથ્થામાં પેક મેચબોકસ મળવા લાગ્યા.

એ પછી ૧૮૩૩ માં સ્વિડનમાં જોન લ્યુન્ડસ્ટ્રોમ દ્વારા પ્રથમ વખત સેફ્ટી મેચબોકસનો આવિષ્કાર કર્યો. આ પ્રકારની દીવાસળીમાં ત્યારે જ અગ્નિ પ્રગટે, જયારે એને સ્પેશિયલ સપાટી પર ઘસવામાં આવે. જેમાં તેમણે રસાયણનો અમુક ભાગ દીવાસળીના દીવાસળીની પેટીની બાજુઓ પર લગાવડાવ્યો.

આપણે આજે જે ઉપયોગમાં લઇએ છીએ તે પ્રકારનાં મેચબોકસનું ઉત્પાદન સ્વિડનને ફાળે જાય છે.

– પાદરીયા ડાર્વિન બી. (ધો. 7H)

દરિયાઇ પક્ષી : 'ચેફિન'

ચેફિન પોતાના જીવનકાળનો વધુ સમય દરિયામાં જ વિતાવે છે. આ પક્ષીને ભગવાને એવી ખાસિયત આપી છે કે, તે દરિયામાં તરી પણ શકે છે અને આકાશમાં ઉડી પણ શકે છે. તેના પગની રચના બતકના પગ જેવી હોવાથી આસાનીથી થાકયા વગર તરી શકે.

આ પક્ષી મોટા ભાગે એટલેન્ટીક મહાસાગરની આસપાસ જોવા મળે છે. તેને ઠંડો પ્રદેશ ગમે છે. વર્ષાઋતુ એટલે કે, ઉનાળામાં નોર્થ એટલેન્ટીક સાગરના ટાપુઓમાં હજારો ચેફિન ભેગા થાય. સમૂહમાં રહેતું આ પક્ષી અજબ-ગજબનું જોવા જેવું છે.

આ પક્ષી દેખાવે ઉપરના મટોડી રંગ, પેટના ભાગે સફેદ, ચાંચ પણ બે રંગની અને ગુલાબી પગ જોતા જ કોઇ નિર્દોષ પક્ષી હોય તેવું લાગે. તેમનો મુખ્ય ખોરાક નાની માછલીને પકડવી, ઊંડે સુધી ડૂબકી લગાવવી, પાણીમાં ૧ મિનિટ સુધી રહી શકે છે. પાણીમાં ૨૦૦ ફૂટ સુધી ડૂબકી લગાવી શકે અને જરૂર પડે ત્યારે ૮૦ કિ.મી.ની ઝડપે ઊડી શકે છે.

– સારણીયા શિવાની એસ. (ધો. 9A મવડી સ્કૂલ)

વીરાને બાંધજે, એવી રાખડી
એની ઊઘડે, આતમ–પાંખડી ! વીરાને બાંધજે, એવી રાખડી !

આગામી વર્ષ ૨૦૧૭ સુધી આપણો ફોન કેટલો સ્માર્ટ થઇ શકે છે ?

૧. હવે તમારી સેલ્ફી પણ 3D આવશે :

લાઇટ નામના એક સ્ટાર્ટઅપે ૧૬ નાના કેમેરા ભેગા કરીને સ્માર્ટફોન માટે ડી.એસ.આર. જેવો કેમેરો બનાવ્યો છે. એપલ, સોની વગેરે જેવી કંપનીઓ સાથે કામ કરતી કંપની ફોક્સકોએ તેનું લાઇસન્સ લીધું છે. ગુગલે પોતાના ટેન્ગો નામના પ્રોજેકટ અંતર્ગત અને લિઓ 3D નામના સ્ટાર્ટઅપે પણ આવી ટેકનિક બનાવી છે. તેના કારણે તમને પરફેકટ 3D પિકચર મળશે.

૨. ફોનની સ્ક્રીન ફોલ્ડ (વાળી) શકાશે :

૨૦૧૭ માં એવા મોબાઇલ આવી જશે કે જેની સ્ક્રીન વાળી શકાશે. તેમાં પહેલું નામ સેમસંગનું છે. અહેવાલો અનુસાર સેમસંગે પોતાના Galaxy-X ફોનમાં આવી સ્ક્રીન આપી છે. તેને સંપૂર્ણપણે વાળી શકાશે. સ્ક્રીનને હાઇબ્રિડ ગ્લાસ સાથે બનાવવામાં આવી રહી છે. જેથી તેને વાળી શકાશે.

૩. સ્માર્ટફોનની બેટરી આપમેળે ચાર્જ થશે :

એશિયા અને એન.જી.એસ. જેવી કંપનીઓ આવી ટેકનિક ઉપર કામ કરી રહી છે. તેમાં વાયર વિના ફોન ચાર્જ થશે. જેમ વાઇ-ફાઇ ઝોન આવતા જ ઇન્ટરનેટ કનેકટ થઇ જાય છે તેવા વાયરલેસ પાવર ટ્રાન્સમિટર બનાવવામાં આવી રહ્યા છે. તેના રિસિવર ફોનમાં લાગેલા હશે. આવા ઝોનમાં આવતા જ ફોન આપમેળે ચાર્જ થવા લાગશે.

– પોકર મિરલ (B.C.A. 1st Sem)

વર્ચુઅલ રિયાલિટી હેડસેટ

વર્ચુઅલ રિયાલિટી એટલે કે, પ્રત્યક્ષ દેખાવનો અનુભવ કરાવે પણ જે વાસ્તવમાં હોતું નથી. દા.ત. જો તમે ચીનની દિવાલ જોવા માગતા હોય તો પરંપરાગત રીતે ટીવી સ્ક્રીન પર તેની તસ્વીર જોઇ શકો છો, પણ તમે આવા V.R. હેડસેટની મદદ દ્વારા તે જ તસ્વીર આંખોની સામે એવી રીતે જ જોઇ શકો છો કે તમે જાતે જ તે જગ્યાએ હોવાનો આભાસ થાય છે. તમે જે તરફ ફેસ ઘુમાવશો તે તરફની તસ્વીર તમને Live દેખાયાનો આભાસ કરાવશે. અત્યાધુનિક V.R. હેડસેટમાં Sound અને Motion નાં હિસાબથી ડિસ્પ્લે પોતાની સેટીંગ આપમેળે બદલતું રહે છે.

V.R. હેડસેટને માથાથી લઇને આંખ સુધી પહેરવામાં આવે છે. જેના ત્રણ ભાગ હોય છે. પ્લાસ્ટિક કે ફાઇબરનું કવર, લેંસ અને હેડફોન. અને જો ગેમીંગ માટે ઉપયોગમાં લેવાનું હોય તો હેડસેટ સાથે જોયસ્ટિક પણ હોય છે. જેના Motion સેંસર દ્વારા ગેમ્સને કંટ્રોલ કરવામાં આવ છે. આ હેડસેટનો ઉપયોગ 3D અને 360 ડિગ્રી વિડીયો જોવા માટે વિશ્વભરનાં લોકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે. આની મદદથી થિયેટરમાં 3D ફિલ્મ જોવા જેવો અનુભવ ઘરબેઠા જ થઇ શકે છે.

V.R. હેડસેટને ૨૦૧૦ ની આસપાસ બજારમાં મૂકવામાં આવ્યું હતું. તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યોછે. બજારમાં ત્રણ પ્રકારનાં મોબાઇલ V.R. જોવા મળે છે. કાર્ડબોર્ડ V.R. ડિવાઇસ, પ્લાસ્ટિક હેડસેટ, અને ગિયર V.R.

– પીઠડીયા મિલન એસ. (B.C.A. 1st Sem)

ટનેલ ટ્રેઇન

ખાસ પ્રકારનાં મશીનોની મદદથી માટી, ખડકો કાઢી ટનેલ તૈયાર કરવામાં આવે છે. તેની અંદરથી એક ટ્રેઇન પસાર કરવામાં આવે છે. તેને ટનેલ ટ્રેઇન કહેવામાં આવે છે.

જાપાનની સેલકાન ટનેલ ટ્રેઇન સૌથી લાંબી ગણાતી હતી, જેની લંબાઇ ૫૩.૯ કિ.મી. હતી. ત્યારબાદ ફ્રાન્સ-યુ.કે. ને જોડતી યુરોટનેલ ટ્રેઇન ૫૦.૫ કિ.મી. લાંબી હતી. ત્યારબાદ સ્વિટ્ઝલેન્ડમાં ૫૭ કિ.મી. લાંબી ટનેલ ટ્રેઇન અરસ્ટફેલથી બોડિઓ દોડે છે. તેનું બાંધકામ ૧૯૯૯ માં શરૂ થયું હતું. તેના ખોદકામથી ૨૮ મિલિયન ટન ખડકો દૂર કરવામાં આવ્યા હતા. આ ટનેલમાં ૪૦,૦૦,૦૦૦ ઘનમીટર કોન્ક્રીટ વાપરવામાં આવ્યું હતું. આટલા કોન્ક્રીટમાંથી ૮૪ વખત એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ બાંધી શકાય.

આ ટનેલ બનાવવા માટે વપરાયેલું ડ્રિલીંગ મશીન ૪૧૦ મીટર લાંબુ હતું. આ ટનેલમાં ત્રણ શિફ્ટમાં ફકત ૧૨૫ નિષ્ણાંત ટેકનો ઇજનેરોએ ભાગ લીધો હતો. આ ટનેલ પૂર કરતા તેમને ૪૩,૮૦૦ કલાકનો સમય લાગ્યો હતો. આ કામ સતત ૧૭ વર્ષ ચાલ્યું હતું.

દરરોજ આ ટનેલમાંથી ૬૫ પેસેન્જર ટ્રેઇન અને ૨૬૦ માલગાડી પસાર થશે. મહત્ત્વની બાબત એ છે કે, ૧૦ લાખ ટ્રકમાંથી લઇ જવાતો સામાન હવે આ ટ્રેઇનમાં લઇ જવાથી ટ્રાફિક અને પ્રદૂષણ હળવા બનશે. આને કારણે આ ટનેલને ગ્રીનટ્રેક તરીકે પણ ઓળખવામાં આવે છે.

– ઠાકર કૃપાલ એન. (B.C.A. 1st Sem)

સૂર્ય કલંક એ શું છે ?

સૂર્યકલંક એ સૂર્યની સપાટી પર જોવા મળતું ઠંડુ ક્ષેત્ર છે. ઠંડુ હોવાને કારણે તે આસપાસ ક્ષેત્ર જેવું પ્રકાશિત નથી હોતું. તેથી આ સૂર્યકલંક કાળા ધાબા જેવું દેખાય છે.

સૂર્યકલંક એ પ્રબળ ચુંબકીય ક્ષેત્ર છે. એ સૂર્યમાં રહેલા કઠિન પદાર્થોને જકડી રાખે છે. સૂર્યકલંકનું કદ જૂદું જૂદું હોય છે કેટલાક સૂર્યકલંક તો ખૂબ નાના હોય છે અને કેટલાક સૂર્યકલંક આપણી પૃથ્વી કરતા પણ વધારે મોટા હોય છે. તેને આપણે ટેલિસ્કોપની મદદ વગર પણ સહેલાઇથી જોઇ શકીએ છીએ.

સૂર્યકલંક સર્જાવવામાં અને ગાયબ થવામાં ૧૧ વર્ષ કરતા વધુ સમય લાગે છે. અને આને સૂર્યકલંકચક્ર કહેવાય છે.

– રાઠોડ માનસી કે. (ધો. 6I)

નાળિયેર

નાળિયેર ઉષ્ણ કટિબંધની પેદાશ છે. હિંદી અને પેસેફિક મહાસાગરનું એ મૂળવતની ગણાય છે. તેનું મૂળ ઉત્પત્તિસ્થાન જાવા-સુમાત્રા પાસેનો ગમે તે એક બેટ છે. ત્યાંથી એ બીજે બધે પ્રસર્યું છે. તામિલ, મલયાલમ વગેરે ભાષાઓમાં નાળિયેર માટે જે શબ્દ છે તેનો અર્થ 'દક્ષિણ તરફનું ફળ' એવો થાય છે. એટલે શ્રીલંકા (સિલોન) ઇત્યાદિ દક્ષિણ બાજુથી નાળિયેર ત્યાં આવ્યું હશે અને ત્યાંથી મલબાર ને કોરોમાંડલ કિનારાની ઉત્તર બાજુએ ફેલાયું હશે. તેણે ઘણા પ્રાચીન સમયથી ભારતમાં ધાર્મિક પ્રસંગોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરેલું છે. તેથી એ ભારનું ઘણું પ્રાચીન વૃક્ષ છે.

નાળિયેરને દરિયાકિનારાની પોચી ભરભરી જમીન વધુ માફક આવે છે. પાણીના નિતાર વિનાની બંધિયાર, કાળી કે ચીકણી જમીનમાં તેનાં ઝાડ સારા થતાં નથી. દરિયાકિનારા પાસેની ખારી જમીનમાં બંધ બાંધીને તેમજ તેની ઉપર મીઠી માટી પાથરીને જમીનને સુધારવામાં આવે છે. એવી જમીનને 'ગઝની' જમીન કહે છે.

નાળિયેરને વાવ્યા પછી સાત-આઠ વર્ષે ફળ આવવા માંડે છે. તેના ઝાડ સાઠથી નેવું ફૂટ ઊંચા થાય છે. થડનો ઘેરાવો જમીન નજીક નીચે ત્રણ-સાડા ત્રણ ફૂટનો અને મથાળે એક ફૂટ સુધીનો હોય છે. તેના પાનની લંબાઇ પંદરથી વીસ ફૂટ હોય છે. પાન ટોચે રહે છે. નાળિયેરને બારમાસી ફૂલ આવે છે. ફૂલ જાડી પાંખડીવાળા ને એલચીના દોડા જેવા હોય છે.

લીલા નાળિયેરને 'તરોફા' અથવા 'ત્રોફા' કહે છે. તેની અંદરનું પાણી ખૂબ જ મધુર અને સ્વાદિષ્ટ લાગે છે. લીલા નાળિયેરનું પાણી આરોગ્ય અને પૌષ્ટિકતાની દષ્ટિએ ખૂબ ફાયદાકારક છે. મુંબઇની ચોપાટી પર ફરતા તરસ લાગે ત્યારે લોકો પાણીને બદલે લીલા નાળિયેરનું પાણી ખૂબ આનંદથી પીએ છે અને તેમાંનું કુમળું કોપરું ખાય છે.

નાળિયેર ઠંડુ, દુર્જર (માંડ પચે એવું), મૂત્રાશયને સાફ કરનાર, ઝાડાને રોકનાર, પુષ્ટિ આપનાર, બળ આપનાર, વાયુ, પિત્ત, લોહીના બગાડ કે રકતપિત્ત અને દાહને મટાડનાર છે. નાળિયેર હૃદયરોગીને અત્યંત પથ્ય છે.

કુમળું નાળિયેર પિત્તજ્વરને તથા પિત્તના દોષને મટાડનાર છે. જૂનું નાળિયેર ભારે, પિત્ત કરનાર, દાહ ઉપજાવનાર અને ઝાડાને રોકનાર છે.

નાળિયેરનું પાણી ઠંડુ, હૃદયને હિતકારી, અગ્નિને પ્રદીપ્ત કરનાર, બળને વધારનાર, પચવામાં હલકું, તરફ તથા પિત્તને મટાડનાર, મધુર અને મૂત્રાશયને એકદમ સાફ કરનાર છે. ઓપરેશન પછી કે કેટલાક રોગોમાં જયારે પાણી આપવાનું ઇષ્ટ ગણાતું નથી ત્યારે નાળિયેરનું પાણી અપાય છે.

ઝીણું છીણેલું લીલું કોપરું ચોસઠ તોલા લઇ તેમાં નાળિયેરનું પાણી બત્રીસ તોલા, ગાયનું ઘી બત્રીસ તોલા અને સાકર ચોસઠ તોલા નાખી ધીમા તાપે પકાવવું. કડછીએ ચોંટવા લાગે ત્યારે તેમાં તજ, તમાલપત્ર, એલચી, જાયફળ, જાવંત્રી,

આંગણાની ઔષધી...

મરી, સૂંઠ, જીરું, વાવડિંગ અને વરિયાળી એક એક તોલો લઇ, ચૂર્ણ કરી પાક બનાવવો. આ પાક હૃદયને હિતકર, શીતળ,તૃપ્તિકારક, ગુરુ, સ્નિગધ, બસ્તિશોધક, અગ્નિવર્ધક અને મધુર છે.

સાકર સાથે અથવા ગોળ સાથે નાના બાળકોને કોપરું ખવડાવવાથી તેમનું સુકલકડી શરીર હૃષ્ટપુષ્ટ બને છે, શરીરમાં ચરબીનો વધારો થાય છે.

લીલા નાળિયેરનું દસ શેર પાણી કાઢી તેને મધ જેવું ગાઢું થતાં સુધી ઉકાળવું. પછી તેમાં જાયફળ, સૂંઠ, મરી પીપર અને જાવંત્રીની થોડી ભૂકી નાખી કાચની બરણીમાં ભરી રાખવું. સવાર-સાંજ તેમાંથી એકથી દોઢ તોલા જેટલું ચૌદ દિવસ સુધી લેવાથી અમ્લપિત્ત, પેટનું શૂળ અને બરોળની વૃદ્ધિ મટે છે.

નાળિયેરના પાણીમાં ગોળ અને ધાણા મેળવી પીવાથી દાહ-બળતરા સાથેનો મૂત્રકૃચ્છ મટે છે. કોપરું ખાવાથી અને શરીરે ચોળવાથી ચળ-ખંજવાળ ઓછી થાય છે. લીલા નાળિયેરના કોપરાનો રસ કાઢી અગ્નિ પર ઉકાળવાથી તેલ નીકળે છે. એ તેલમાં મરીની ભૂકી નાખી શરીરે ચોળવાથી જકડાઇ ગયેલા અંગો છૂટા થાય છે અને વા મટે છે.

નાળિયેરની કાચલીનું પાતાળયંત્ર વડે તેલ પાડી (ચૂવો કાઢી) એ તેલ ચોપડવાથી ખસ અને દાદર મટે છે.

વૈજ્ઞાનિક મત પ્રમાણે નાળિયેર લાઇસિન અને ટ્રીપ્ટોફેન એબેમાઇનો એસિડો (પ્રોટીનના ઘટકો) થી સમૃદ્ધ છે. ઉપરાંત તેમાં કાર્બોહાઇડ્રેટ અને ખનિજ ક્ષારો પણ પુષ્કળ છે. લીલું નાળિયેર કેલરીથી ભરપૂર છે તેમજ તેમાં બધા આરોગ્યદાયક અને વિટામિનો રહેલા છે. સૂકા નાળિયેરમાં તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે. નાળિયેરના પાણીમાં મેગ્નેશિયમ અને કેલ્શિયમનું પ્રમાણ ઠીકઠીક હોય છે.

– સૌજન્ય 'આહાર એ જ ઔષધ'

સર્વોદય ડોટકોમ

વિવિધ દેશની રાષ્ટ્રીય રમત

દેશ		રમત	દેશ		રમત
ભારત	:	હોકી	ફ્રાન્સ	:	ફૂટબોલ
યુ.એસ.એ.	:	બેઝબોલ	ઇંગ્લેન્ડ	:	ક્રિકેટ
સ્પેન	:	બુલ ફાઇટ	જાપાન	:	જુડો
કેનેડા	:	આઇસ હોકી	ઓસ્ટ્રેલિયા	:	ક્રિકેટ
રશિયા	:	ફૂટબોલ, ચેસ	પાકિસ્તાન	:	હોકી
ચીન	:	ટેબલ ટેનિસ	મલેશિયા	:	બેડમિન્ટન
બ્રાઝીલ	:	ફૂટબોલ	ભૂતાન	:	આર્ચરી

વનરાવનનો રાજા ગરજે,
ગીરકાંઠાનો કેસરી ગરજે...

૧૦-ઓગષ્ટ
વિશ્વ સિંહ દિવસ

– કણસાગરા માલવી આર. (ધો. 8D)

સર્વોદય ડ્રોઇંગબુક...

ઝાલાવાડીયા જાન્વી આર. (ધો. 6H)



ભાડેચા કાવ્યા એન. (ધો. 3A)

ભંડેરી ચાંદની જે.
(ધો. 12C કોમર્સ વિભાગ)

ભાલીયા જેનિલ એ. (ધો. 2D)

પરમાર સીમા
(ધો. 12C કોમર્સ વિભાગ)

રામાણી રીયા ડી. (ધો. 5 મવડી સ્કૂલ)

ઉનડકટ વિશેષ એન. (ધો. 6F)

પીપળીયા ઓમ (ધો. 4J)

દુધાત ચાંદની જે. (ધો. 9D)



ગેડીયા અમન જી.
(ધો. 9B મવડી સ્કૂલ)

વડગામા હર્ષ આર. (ધો. 8D)

ઉંધાડ જાનવી (ધો. 9D)

જાડેજા પ્રતિક્ષાબા વી.
(ધો. 6c)

ભટ્ટ હેત્વી એન.
(ધો. 3G)

સર્વોદય એકસપ્રેસ...

શબ્દ રમત

1.				3.				
				4.		5.	18.	
2.			8.	6.			19.	
				7.	12.			
	9.				13.	14.	17.	
			11.					
	10.		15.	16.				

આડી ચાવી

૧. ગાંધીજીનું એક બિરુદ (૩)
૨. રાખનું..... મારા રામે... (૪)
૪. આનંદ, મોજ (૩)
૭. એક જન્મને કહેવાય (૨)
૯. ભીંત પર હોય (૩)
૧૦. રીવાજ (૨)
૧૩. હૃદય (૩)
૧૪. ધૂળ (૨)
૧૮. જૂઠું (૨)

ઊભી ચાવી

૧. ઘડીયાળ કઈ પ્રજાતિ સાથે જોડાયેલ છે ? (૩)
૩. સવારે ચા સાંજે..... (૩)
૫. શ્રીરામનાં એક યુગનું નામ (૨)
૬. ભલાનું ઊલ્ટું (૨)
૮. મોહનલાલ પંડ્યાને કયુ બિરુદ મળ્યું હતું ? (૫)
૯. ગાયને કહેવાય (૩)
૧૧. ચારે બાજુ (૩)
૧૨. ચેસમાં આવતો એક શબ્દ (૩)
૧૪. ..... નો કરીએ ગુલાલ (૩)
૧૬. દુનિયા (૨)
૧૭. અવાજ
૧૯. રમતનો એક શબ્દ (૧)

જવાબ આવતા અંકે

– સખિયા મિતેશ (ધો. 8F)
માર્ગદર્શક : સુખદેવભાઈ ડાંગર

૧. કાળી છે પણ કોયલ નથી,
લાંબી છે પણ સૂંઢ નથી,
વળી જાય પણ દોરી નથી,
બાંધે એને પણ ઢોર નથી.

૨. આવ્યા પછી હું અટકું નહીં,
લાખ ઉપાયો છટકું નહીં,
બોલવા આડે નડતર બનું,
પાણી દેખી ક્ષણ ટકું નહીં.

૩. પગ નથી એના પરંતુ દૂર દૂર સુધી એ જાય,
કયાંક હસાવે, કયાંક રડાવે, રાખે એ મૌન.

૪. કાશીમાં હું એકલો, કલકત્તામાં બબ્બે,
મુંબઇમાં હું નહીં મળું, કાનપુરમાં શોધી કાઢો.

જવાબ : ૧. ચોટલી ૨. ઠેકડી ૩. પત્ર ૪. 'ક' અક્ષર

– દેસાઈ શુભમ એ. (ધો. 4F)

SMS દંભનો દસકો અને સત્યની શતાબ્દી હોય છે...

ધો. ૭-૮ નાં વિદ્યાર્થીઓ સીટી બસમાં મુસાફરી કરી આલ્ફેડ સ્કૂલ તેમજ પોસ્ટ ઓફિસની રસમય મુલાકાત લીધી

ઇન્સ્ટીટ્યુટ દ્વારા પર્યાવરણ સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન

ઉદ્‌ઘોષ ક્રાંતિવીર સ્મૃતિ સંસ્થા દ્વારા આયોજીત રંગપૂરણી તથા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય કક્ષાએ વિજેતા

જિલ્લા રમત-ગમત દ્વારા આયોજીત જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ ખોખો સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ

અંગ્રેજી માધ્યમ CBSE ધો. ૧ થી ૪ દ્વારા ક્રિએટીવ એકટીવીટીનું સુંદર આયોજન

C.A. Final July, 2016 ની
પરીક્ષામાં સફળતા મેળવનાર
કોમર્સનાં ભૂ.પૂ. વિદ્યાર્થી
C.A. તલસાણીયા વિજય તેમજ
C.A. ચંદારાણા જાનકીને
શુભેચ્છા આપતા
ચેરમેનશ્રી ભરતભાઇ ગાજીપરા

C.P.T. July, 2016 ની
પરીક્ષામાં ઉતીર્ણ કોમર્સનાં
વિદ્યાર્થીઓ સાથે
ટ્રસ્ટી ગૌરવભાઇ પટેલ,
H.O.D. મનોજભાઇ તળપદા

Sarvodaya SEN

Sarvodaya Secondary School CPT Result - 2016

Affiliated to CBSE

Rajkot Highest

Panchasara Kevin
178/200

Atulkumar Narain
158/200

Dipali Rathod
144/200

સર્વોદય સંવાદ (માસિક) તંત્રી, પ્રકાશક, મુદ્રક : ભરતભાઈ એમ. ગાજીપરા
માલિક : સર્વોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
પ્રકાશન સ્થાન : 'સર્વોદય સંવાદ' કાર્યાલય, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪.(ગુજરાત)
મુદ્રણ સ્થાન : સર્વોદય પ્રિન્ટરી, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪.(ગુજરાત) ફોન : ૦૨૮૧-૨૩૭૧૪૫૯
Posting Lic. No. RJT-619, Valid up to 31-12-2018

To,